# દાંતીવાડા નદીના પટમાં ન્હાવા પડેલા બે બાળકોના મોત

દાંતીવાડા, તા. ૮

ચોમાસાના માહોલમાં નદીમાં બે બાળકો ન્હાવા પડ્યા હતા. બંને બાળકો પાણીના ધરામાં કાદવમાં ફસાઈ જતા મોતને ભેટ્યા હતા. બનાવ

(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

અંગે પાંથાવાડા પોલીસે બંને મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં વર્ગ-૪ના કર્મચારી તરીકે કામ કરતા કાળુભાઈ માજીરાણાનો ૧૩ વર્ષીય પુત્ર અજય અને અન્ય કર્મચારી કમલેશભાઈ પરમારનો પુત્ર જેમીન ઉં.વ. ૧૩ ક્રિકેટ રમતા હતા. ક્રિકેટ રમતા રમતા ન્હાવાની ઈચ્છા થતા નાદોત્રા ગામ પાસે આવેલા ધરામાં ન્હાવા પડ્યા હતા. આ વિસ્તાર સુમસામ હોવાથી ન્હાવા ગયેલા બંને બાળકો ડુબવા લાગ્યા હતા. તેમણે મદદ માટે બુમો પાડી હતી. પરંતુ તેમની મદદે કોઈ આવ્યું નહોતુ. બંને બાળકો કાદવ કિચડવાળા ધરામાં ડુબતા કરૂણતાએ મોતને ભેટ્યા હતા. જ્યારે બીજી તરફ ક્રિકેટ રમવા ગયેલા બંને બાળકો ગુમ થતાં તેમના માતા-પિતાએ શોધખોળ આદરી હતી. પરંતુ મોડીરાત સુધી ભાળ નહી મળતા વહેલી સવારે પાથાવાડા પોલીસને જાણ કરતા પોલીસે તપાસ હાથ ધરી હતી. દરમિયાન બપોરના સમયના સુમારે બંને બાળકોના મૃતદેહ નાદોત્રા ગામના ધરામાંથી મળી આવ્યા હતા. બનાવ અંગે પાંથાવાડા પી.એસ.આઈ. એ.જે. દલસાનીયાએ અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ધનસુરા તાલુકામાં ભૂ-માફિયા સક્રિય

ધનસુરા, તા. ૮

સમગ્ર રાજ્યમાં જમીનના ઉંચા ભાવ સાથે ખેડૂતો જમીન વિહોણા બની રહ્યા છે અને ભૂ-માફિયાઓ માલેતુજાર બની રહ્યા છે. સમગ્ર રાજ્યમાં ખેડૂતો પોતાની જમીન બચાવવા માટે આંદોલનો કરી રહ્યા છે. ઔદ્યોગિક વિકાસના નામે ખેડૂતોની જમીન પચાવી પાડવા સામે સમગ્ર રાજ્યમાં જન આક્રોશ વ્યાપક બની રહ્યો છે. તેમાં સાબરકાંઠા જિલ્લાના ખેડૂતો પણ બાકાત નથી. જિલ્લાના ઘણા બધા તાલુકાઓમાં ગરીબ કિશાનોની મજબુરી અને ગરીબીનો લાભ લઈ કિશાનોની મોઘા મુલની જમીનો ભૂ-માફિયાઓ પાણીના ભાવે કબજે કરી રહ્યા છે. અને તેમાં સરકારી તંત્રના ભ્રષ્ટ અધિકારીઓની મિલી ભગતને કારણે ખેડૂતો પાયમાલ થાય છે.

ધનસુરા તાલુકાના બોરવાઈ ગામની સીમમાં આવેલી જમીન વેચાણ દસ્તાવેજમાં મૃતક ખેડૂતને હયાત બતાવી તેમના ડાબા હાથના અંગુઠાનું બનાવટી નિશાન અને ફોટોગ્રાફ દસ્તાવેજમાં રજુ કરી વેચાણ દસ્તાવેજના કૌભાંડ સામે જાગૃત નાગરિકોની રજુઆતો અને અખબારી અહેવાલોની અવગણના કરી જિલ્લાના મહેસુલ તંત્ર અને પોલીસતંત્રએ તપાસના નામે ડીંડવાણું ચલાવી જમીન ખરીદનાર શખ્સ પાસેથી મોટો દલ્લો મેળવી લઈ સમગ્ર તપાસને અભરાઈએ ચડાવી દઈ કૌભાંડને છાવરવાનો પ્રયાસ કર્યાની શંકા સેવાઈ રહી છે.

ધનસુરાના વતની પટેલ પિયુષકુમાર કિરિટભાઈએ કરેલ એક લેખિત ફરીયાદ જિલ્લા કલેક્ટર, રેન્જ આઈ.જી.પી. ગાંધીનગર તથા ગુજરાત રાજ્ય મહેસુલ મંત્રી સમક્ષ રૂબરૂ લેખિત ફરિયાદ કરેલ છે. તેમાં જણાવ્યા મુજબ ધનસુરાના કલ્પેશ કાન્તીભાઈ પંચાલે મોજે બોરવાઈ તા. ધનસુરાની સીમમાં આવેલ સર્વે નંબર ૧૪૯ની જમીનનો વેચાણ દસ્તાવેજ રૂ. ૨૫,૦૦૦માં અવેજ લઈ કરેલ હતો. જે પૈકી વેચાણ આપનાર કાનાજી શીવાજી રહે. બોરવાઈ દસ વર્ષ અગાઉ મૃત્યુ પામ્યા હતા. જેઅંગેની નોંધ ગામના નમૂના નંબર ૬ના કડક પત્રક નોંધ નંબર ૮૯૧ તા. ૪-૧૦-૧૨ના રોજ વારસાઈ હક્ક ફેરફારની નોંધ મરણના દાખલાને આધારે કરેલ છે. આ વેચાણ દસ્તાવેજને આધારે મહેસુલ વિભાગમાં નોંધ પાડવામાં આવેલ નથી પરંતુ તા. ૨૧-૧-૨૦૧૩ના રોજ આજ જમીનનો બીજો દસ્તાવેજ ધનસુરા ખાતે કરાવી કલ્પેશ કાન્તીભાઈ પંચાલે જમીન પોતાના નામે કરાવી લઈ આગળના દસ્તાવેજમાં કરેલ કૌભાંડને દબાવી દીધુંછે. જેજમીન વિવાદી બની ગઈ છે. જે જમીનના વેચાણ દસ્તાવેજમાં અગાઉ મરણ પામેલ વારસદારને જીવીત બતાવી ગેરરીતિ આચરાઈ હતી. તે અંગે મહેસુલ વિભાગનું ધ્યાન દોરવા છતાં એક જાગૃત નાગરિકની રજુઆત હોવા છતાંતે અરજદારને તેની અરજી સંબંધી કોઈ લેખિત કે મૌખિક જવાબ આપ્યા વિના એક જ મિલકતનો બીજો વેચાણ દસ્તાવેજ કરી મિલકત નામે કરી લેવાતાં સમગ્ર બાબતમાં ધનસુરા મામલતદાર કચેરીના ઈ-ધરાના નાના-મોટા કર્મચારીઓ અને જવાબદાર અધિકારીઓ સામે શંકાની સોંય તકાઈ રહી છે. આ અંગે અરજદાર પિયુષભાઈ પટેલ, હિંમતનગર જિલ્લા પોલીસવડા, જિલ્લા કલેક્ટર ઉપરાંત ગાંધીનગર ખાતે રાજ્યના પોલીસવડા ઉપસ્થિત મહેસુલ મંત્રી સમક્ષ રૂબરૂ રજુઆત કરી લેખિત અરજી આપેલ છે. આ લેખિત અરજી અનુસંધાને રાજ્ય સરકાર સમક્ષ અરજદારે સમગ્ર કૌભાંડની તપાસ કરી જમીન વેચાણ રાખનાર શખ્સ સહિત મહેસુલ ખાતાના જવાબદાર અધિકારીઓ સામે કાનુની કાર્યવાહી કરવા માંગણી કરેલ છે.

# હિંમતનગરમાંથી ચેઈન સ્નેચિંગ કરનારા બે બાઈક સાથે ઝડપાયા

હિંમતનગર, તા.૮

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, ઈડર, મોડાસા, બાયડ અને ગાંધીનગરમા ચેઈન સ્નેચિંગના બનાવો નોંધાયા છે જેને લઈને હિંમતનગર ટાઉન પોલીસ મહાવીરનગર ખાતે શનિવારે સાંજે વાહન ચેકિંગ કરી રહ્યા હતા દરમિયાન નંબર વગરના બાઈક સાથેબેશકમંદોને પકડી પૂછપરછ કરતા પકડાયેલા બંને યુવાનોએ સાબરકાંઠા અને ગાંધીનગરની મળી ૨૬ ચેન સ્નેચિંગ કર્યાનું કબુલ્યું હતું જેથી પોલીસે બે બાઈકો અને સોનું સહીત કુલ ૪ લાખ ૩૦ હજારનો મુદ્દામાલ કબજે લીધો હતો.

આ અંગેની વિગત એવી છે કે જિલ્લા પોલીસ વડા ચિરાગ કોરડીયાને મળેલ બાતમી આધારે હિંમતનગર ટાઉન પોલીસ મથકના પીઆઈ જે.એમ. આલ અને ડીવાયએસપી-બલદેવ દેસાઈ શનિવારે સ્ટાફના વિનોદ રાઠોડ, ચંદ્રકાંત પરમાર ચંદુભાઈ વણઝારા, આશીર્વાદ ખોખર, રાકેશ ચાવડા, દિલીપ દેસાઈ, પરબતસિંહ રાઠોડ મહાવીગનગર ચાર રસ્તા પર વાહન ચેકિંગ કરી રહ્યા હતા ત્યારે બેશકમંદ ઈસમો નંબર વગરનું હીરો હોન્ડા લઈ પસાર થઈ રહ્યા હતા તેબાઈકને રોકવાનો પ્રયાસ કરતા બાઈક ઉભું નહિ રાખેલ જેથી પીછો કરી પકડી બેજણાને બાઈક સાથેપકડી પાડયા હતા. પૂછપરછ કરતા બંને જણાએ પોતાનું નામ મુકેશ ઉર્ફે ભૂરિયો જીવાભાઈ ભગોરા (રહે ઢીંચણીયા તા. ઈડર) અને બીજાનું નામ વિશાલ ઉર્ફે બોખો ઉર્ફે છત્રી સુભાષભાઈ ડામોર (રહે. ખિલોડા, તા. ભિલોડા) જણાવેલ હતું. બંનેની વધુ સઘન પુછપરછ કરતા પકડાયેલા બંને અને અન્ય બે જણાએ મળી અલગ અલગ સમયે અને અલગ અલગ જગ્યાએથી બે બાઈકો દ્વારા ચેઈન સ્નેચિંગના સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેર વિસ્તારમાં ૯ ગુના, ઈડરમાં ૬ ગુના, મોડાસામાં ૫ ગુના ગાંભોઈ પોલીસ મથકનો ૧ ગુનો, જાદર પોલીસ મથકનો ૧ ગુનો અને ગાંધીનગર પોલીસ સ્ટેશન વિસ્તારના ૨ ગુના મળી કુલ ૨૬ ગુના કબુલ્યા હતા જેથી પોલીસે ૩ લાખ ૩૦ હજારનો સોનાનો મુદ્દામાલ અને બે બાઈકો કિંમત રૂ. ૧ લાખની મળી કુલ રૂ. ૪ લાખ ૩૦ હજારનો મુદ્દામાલ કબજે લઈ વધુ તપાસ માટે રિમાન્ડ કોર્ટમાં રજુ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. હજુ બેફરારને પકડવાની તજવીજ હાથ ધરી છે.

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## શ્યામનગર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ખેડબ્રહ્મા તાલુકાના શ્યામનગર ખાતે વિશ્વકર્મા મેવાડા સુથાર કારીગર એસોસીએશન દ્વારા સોમવતી અમાસ નિમિત્તે વૃક્ષારોપણ અને સત્યનારાયણની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કથાના મુખ્ય યજમાન તરીકે જયપ્રકાશ કાનજીભાઈ સુથાર હતા. આ પ્રસંગે યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમમાં વડાલી સત્યાવિસ સુથાર સમાજના પ્રમુખ પરસોત્તમદાસ એન. સુથાર પરબ અને હવાડી ટ્રસ્ટના પ્રમુખ ગંગારામ મિસ્ત્રી, ઉપપ્રમુખ દયાશંકર સુથાર તથા વિશ્વકર્મા સોશીયલ ગૃપના પ્રમુખ મહેન્દ્રભાઈ સુથારના વરદહસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કારીગર એસોસીએશનના પ્રમુખ પ્રકાશ સુથાર ઉપપ્રમુખ મુકેશકુમાર સુથાર તથા અરવિંદભાઈ સુથારે કર્યુ હતુ.

## હિંમતનગરમાં ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી જન્મ જયંતિનો કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા, તા. ૮

સાબરકાંઠા જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી જન્મ જયંતિનો કાર્યક્રમ હિંમતનગર મુકામે નલિનકાંત ટાઉનહોલમાં ગત તારીખ ૬ જુલાઈ-૨૦૧૩ના રોજ ઉજવાયો હતો. આ કાર્યક્રમમાં ભાજપ સંગઠન શહેર તેમજ જિલ્લાના હોદ્દેદારો એકત્રિત થયા હતા. જેમાં મંત્રીશ્રી રમણભાઈ વોરા, પ્રદિપસિંહ જાડેજા, જિલ્લાના પ્રભારી મંત્રી તેમજ સાબરકાંઠા પ્રભારી ભાજપ શ્રી અશોકભાઈ ભાવસાર, ગુજરાત પંચાયત કન્વીનર જયેન્દ્રસિંહ રાઠોડ, એસ. ટી. નિગમના સભ્ય કૌશલ્યા-કુંવરબા પરમાર તેમજ સાબરકાંઠા જિલ્લાના પ્રમુખ પૃથ્વીરાજ પટેલ અન્ય કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

## શક્તિપીઠ અંબાજીના દર્શનાર્થે ગયેલા બ્રાહ્મણ પરિવારોનું બનાસકાંઠા બ્રહ્મસમાજ દ્વારા સ્વાગત કરાયું

પાલનપુર, તા. ૮

શક્તિપીઠ અંબાજી ખાતે ગતરોજ અમદાવાદના સરસપુર અને અન્ય વિવિધ વિસ્તારોમાંથી ૪૦ જેટલી લકઝરી બસો દ્વારા બે હજારથી વધુની સંખ્યામાં બ્રાહ્મણ પરિવારોનો સંઘ દર્શનાર્થે આવી પહોંચ્યો હતો. જયાં સમસ્ત બ્રહ્મસમાજના પ્રદેશ અધ્યક્ષ શૈલેષભાઈ જોષી તેમજ બનાસકાંઠા જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજના અધ્યક્ષ ગણપતભાઈ જોષી દ્વારા અગ્રવાલભવન અંબાજીમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત ગણપતભાઈ જોષીએ જણાવ્યું હતું કે ૮૪ જેટલા વાડા, ગોળ અને વાડામાં વહેંચાયેલો બ્રહ્મસમાજ હવે એક મંચ પર આવી સમસ્ત બ્રહ્મસમાજના નેજા હેઠળ વિશાળ સુસંગઠીત બ્રહ્મતેજથી પ્રકાશીત સંગઠન રાજ્યભરમાં નિર્માણ પામી રહ્યું છે. સંગઠન શક્તિના કારણે ગુજરાતમાં એક નોંધપાત્ર સંગઠન બનશે.

આ પ્રસંગે આવેલા અમદાવાદ સંઘના ભોલા મહારાજ, કનુભાઈ રાવલ, ડૉ. ઉપાધ્યાય, સહિત અનેક અગ્રણીઓ હાજર રહ્યા હતા.

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ,આર.જી.બારોટ બી.એડ્.કોલેજ, અક્ષર નર્સિંગ સ્કુલ,ભિલોડાના વિદ્યાર્થીઓ ધ્વારા ઉત્તરાખંડના અસરગ્રસ્તોને સહાય રૂા.૧૧૦૪૦/- નો ફંડ એકત્રીત કરી ભિલોડા મામલતદાર એ.કે.જોષીને વિદ્યાર્થીઓએ સ્વહસ્તે રકમ અર્પણ કરી હતી.ઉત્તરાખંડ રાજ્યમાં વિનાશક કુદરતી હોનારતમાં ખુમારી પામેલ અસરગ્રસ્તોને માનવીય અભિગમ અપનાવી સહાયતા કરવા બદલ ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ ટ્રસ્ટી,આચાર્ય,સ્ટાફ પરીવારે વિદ્યાર્થીઓની પ્રસંશનીય કામગીરીને બિરદાવી હતી.

# રાધીવાડ પાસે ડમ્પર અને ટેમ્પો ટકરાતા એકનું મોત

ખેડબ્રહ્મા, તા. ૮

ખેડબ્રહ્મા-અંબાજી હાઈવે પર આવેલ રાધીવાડ ગામના પાટીયા પાસે આજે સવારે ડમ્પર અને ટેમ્પા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ આજ રોજ સવારના સુમારે ખેડબ્રહ્માથી અંબાજી તરફ જઈ રહેલ મહિન્દ્રા મેક્સીમો નં. જીજે.૧.સી.ટી. ૫૦૯૨ લઈને અનવરભાઈ મહંમદભાઈ મનસુરી (ઉં.વ.૩૦) રહે. નાના ચિલોડા, નરોડા જઈ રહ્યા હતા ત્યારે અંબાજી તરફથી આવી રહેલ ડમ્પર નં. જીજે.૧૮.એ.વી.૬૯૪૬ના ચાલકે ગફલતભરી રીતે હંકારતા મેક્સિકો ટેમ્પા અને ડમ્પર વચ્ચે રાધીવાડ પાસે અકસ્માત સર્જાયો હતો. જેમાં ટેમ્પાના ચાલક અનવરભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અને તેમને ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલ લઈ જવાયા હતા. ત્યાંથી વધુ સારવાર અર્થે હિંમતનગર રિફર કરવામાં આવ્યા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે રાધીવાડ ગામના પાટીયા પાસે રસ્તા પર અકસ્માત સર્જાતા રહે છે. જેમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. આ અંગે ગ્રામજનોએ તંત્ર સમક્ષ અનેકવાર સ્પીડબ્રેકર મુકવા રજુઆત કરી હોવા છતાં અહી સ્પીડ બ્રેકર મુકવામાં આવ્યા નથી. પરિણામે માતેલા સાંઢની જેમ ગાડીઓ ચલાવતા લોકો અનેકવાર અકસ્માત સર્જીને નિર્દોષ લોકોનો ભોગ લેતા હોય છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૬૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

### તલોદ

| | | |
|---|---|---|
| મગફળી | ૭૪૨ | ૮૯૭ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૦ |
| એરંડા | ૬૯૯ | ૭૦૯ |
| ઘઉં | ૩૦૬ | ૩૩૦ |
| બાજરી | ૨૨૦ | ૨૨૮ |
| ગવાર | ૧૦૯૩ | ૧૩૭૦ |

### સલાલ

| | | |
|---|---|---|
| મગફળી | ૭૨૫ | ૮૫૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૫ |
| બાજરી | ૨૧૦ | ૨૫૦ |
| ડાંગર જ્યા | ૨૭૫ | ૩૨૦ |
| ડાંગર ગુજ | ૩૨૦ | ૩૫૦ |

### ધનસુરા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૯૫ | ૭૦૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૯૩ |
| ઘઉં | ૩૧૦ | ૩૫૬ |
| બાજરી | ૨૨૦ | ૨૫૯ |
| ગવાર | ૧૦૫૦ | ૧૩૭૦ |

### ખેડબ્રહ્મા

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૦૭ | ૩૨૫ |
| ઘઉં ૪૯૬ | ૩૩૫ | ૩૫૦ |
| મકાઈ | ૨૮૦ | ૨૮૬ |
| એરંડા | ૬૯૫ | ૭૦૩ |
| મગફળી | ૫૫૦ | ૭૨૧ |
| મગ | ૬૫૦ | ૧૦૬૦ |

### મોડાસા

| | | |
|---|---|---|
| રાયડો | ૫૨૫ | ૫૮૦ |
| એરંડા | ૬૮૦ | ૭૦૬ |
| બાજરી | ૨૩૦ | ૨૮૨ |
| મકાઈ | ૨૬૦ | ૨૭૦ |
| ઘઉં | ૩૦૭ | ૩૩૫ |
| મગફળી | ૭૦૦ | ૮૬૫ |
| ગવાર | ૧૧૦૦ | ૧૩૬૩ |
| મગ | ૭૦૦ | ૮૮૦ |
| જુવાર | ૩૬૦ | ૪૦૦ |

### ટીંટોઈ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૮૫ |
| બાજરી | ૨૩૦ | ૨૬૬ |
| મકાઈ | ૨૭૦ | ૨૯૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૩૦ |
| મગફળી | ૬૦૦ | ૮૧૧ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૫૦ |

### દહેગામ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૪૧ | ૨૯૪ |
| ઘઉં | ૩૧૪ | ૩૩૭ |
| ડાંગર | ૨૯૦ | ૩૦૧ |
| એરંડા | ૭૦૫ | ૭૧૨ |
| ગવાર | ૧૧૩૮ | ૧૪૫૨ |
| મકાઈ | ૨૩૦ | ૩૦૦ |
| તુવેર | ૫૩૫ | ૬૬૫ |
| જુવાર | ૩૫૦ | ૩૭૧ |
| રાયડો | ૫૫૦ | ૫૯૦ |

### રખિયાલ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૪૦ | ૨૯૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૩૫ |
| ડાંગર | ૨૮૫ | ૨૯૫ |
| એરંડા | ૭૦૦ | ૭૧૦ |
| ગવાર | ૧૧૩૫ | ૧૪૫૦ |
| મકાઈ | ૨૨૦ | ૨૮૦ |
| તુવેર | ૫૩૦ | ૫૬૦ |
| જુવાર | ૩૪૦ | ૩૭૦ |
| રાયડો | ૫૩૦ | ૫૮૦ |

### હિંમતનગર

| | | |
|---|---|---|
| મગફળી | ૬૦૦ | ૮૭૬ |
| એરંડા | ૬૯૫ | ૭૧૩ |
| મગ | ૫૫૦ | ૧૦૦૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૫૧ |
| બાજરી | ૨૪૦ | ૨૬૫ |
| મકાઈ | ૨૬૦ | ૨૯૦ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૮૧ |

### ઈડર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૨૦ | ૩૪૫ |
| મકાઈ | ૨૭૦ | ૨૯૦ |
| એરંડા | ૬૯૦ | ૭૦૦ |
| બાજરી | ૨૪૫ | ૨૫૭ |
| મગફળી | ૬૪૦ | ૮૯૩ |
| તલ | ૧૬૦૦ | ૧૮૮૨ |
| ગવાર | ૧૧૦૦ | ૧૩૬૭ |
| જુવાર | ૩૮૦ | ૪૧૫ |
| મગ | ૬૦૦ | ૬૭૫ |

### કડી

| | | |
|---|---|---|
| સવા | ૬૨૩ | ૬૯૯ |
| ઘઉં | ૨૯૦ | ૩૧૫ |
| જુવાર | ૩૧૧ | ૩૫૮ |
| બાજરી | ૨૩૦ | ૨૫૩ |
| બંટી | ૩૮૦ | ૩૮૧ |
| ગવાર | ૧૧૭૫ | ૧૪૭૫ |
| એરંડા | ૬૯૦ | ૬૬૯ |
| રાયડો | ૫૮૬ | ૫૯૩ |
| જીરૂ | ૨૦૦૦ | ૨૫૩૦ |

### સિદ્ધપુર

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૭ | ૩૬૦ |
| બાજરી | ૨૫૦ | ૨૮૫ |
| એરંડા | ૬૮૪ | ૭૦૫ |
| રાયડો | ૫૮૫ | ૬૧૯ |
| રાજગરો | ૧૦૧૫ | ૧૨૮૯ |
| જુવાર | ૬૦૧ | ૬૧૦ |
| ગવાર | ૧૦૮૦ | ૧૪૦૦ |

### સિદ્ધપુર

| | | |
|---|---|---|
| રાજગરો | ૧૨૩૬ | - |
| વરીયાળી | ૯૦૦ | ૧૦૧૮ |
| જવ | ૨૪૨ | ૨૬૦ |
| મગ | ૮૭૦ | - |
| રાયડો | ૫૯૦ | ૬૧૩.૫૦ |
| એરંડા | ૬૫૨ | ૭૦૯ |
| ગવાર | ૧૦૪૬ | ૧૫૩૧ |
| ઘઉં | ૨૮૦ | ૩૬૯ |
| બાજરી | ૨૨૦ | ૨૮૦ |
| જુવાર | ૩૨૫ | ૬૦૨ |
| જીરૂ | ૨૩૧૧ | - |
| ઈસબગુલ | ૧૧૨૫ | - |

### વિસનગર

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૦ | ૩૫૧ |
| બાજરી | ૨૦૦ | ૩૧૪ |
| રાયડો | ૫૪૦ | ૬૧૩ |
| એરંડા | ૬૯૦ | ૭૧૪ |
| કપાસ | ૭૫૧ | ૮૫૧ |
| જુવાર | ૨૦૦ | ૫૭૬ |
| તલ | ૧૯૭૬ | - |
| જવ | ૨૬૭ | ૨૬૮ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૭૨ |
| રજકાના બી | ૧૫૦૦ | ૨૧૦૦ |

### મહેસાણા

| | | |
|---|---|---|
| જુવાર | ૫૩૪ | - |
| ઘઉં | ૨૯૫ | ૩૭૩ |
| જીરૂ | ૧૭૫૬ | ૨૪૭૪ |
| રાયડો | ૫૪૮ | ૬૧૧ |
| રજકાબી | ૭૦૦ | ૨૭૦૦ |
| સવા | ૩૯૬ | ૬૯૬ |
| વરીયાળી | ૯૫૧ | ૧૦૪૧ |
| બાજરી | ૨૨૬ | ૨૮૫ |
| એરંડા | ૬૮૦ | ૭૦૦ |
| અજમો | ૩૫૧ | ૧૧૬૦ |
| ગવાર | ૧૧૩૪ | ૧૩૩૩ |
| બંટી | ૩૭૬ | - |

### આંબલીયાસણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૮૦ | ૩૩૭ |
| બાજરી | ૧૮૫ | ૨૬૫ |
| રાયડો | ૫૮૦ | ૫૯૫ |
| એરંડા | ૬૮૦ | ૬૯૪ |
| જવ | ૨૪૫ | - |
| દવાક | ૧૧૫૪ | ૧૩૭૦ |
| જુવાર | ૩૧૦ | ૩૩૬ |

### જોટાણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૬ | ૩૩૦ |
| એરંડા | ૬૮૯ | ૬૯૪ |
| ગવાર | ૧૦૭૨ | ૧૩૦૭ |

### ઠારીજ

| | | |
|---|---|---|
| મેથી | ૫૪૩ | ૫૪૮ |
| રાયડો | ૫૯૦ | ૬૧૬ |
| એરંડા | ૬૭૦ | ૭૦૩ |
| બાજરી | ૨૦૮ | ૨૫૮ |
| ઘઉં | ૨૯૦ | ૩૮૫ |
| ગવાર | ૧૧૦૦ | ૧૩૮૨ |
| ચણા | ૫૨૫ | ૫૮૮ |
| જીરૂ | ૨૨૮૬ | ૨૬૩૦ |
| સવા | ૬૦૦ | ૬૯૬ |
| બંટી | ૩૧૧ | ૩૮૦ |
| જુવાર | ૩૦૦ | ૪૧૩ |

### કલોલ

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૮ | ૩૪૫ |
| એરંડા | ૬૯૩ | ૭૦૭ |
| બાજરી | ૨૨૪ | ૨૮૫ |
| રાયડો | ૫૯૦ | ૫૫૨ |
| ડાંગર | ૨૬૫ | ૩૭૦ |
| ગવાર | ૧૧૭૦ | ૧૩૩૫ |
| જુવાર | ૩૪૦ | ૪૭૮ |
| જવ | ૨૪૪ | - |

### બાયડ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૫૦ | ૬૮૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૭૦ |
| બાજરી | ૨૨૦ | ૨૬૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૦ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૦૦ |

### ઉંઝા

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૯૫ | ૨૮૨૫ |
| વરીયાળી | ૭૫૦ | ૨૦૫૫ |
| ઈસબગુલ | ૧૨૧૭ | ૧૪૫૫ |
| સરસવ | ૫૮૫ | ૬૭૦ |
| રાયડો | ૫૮૦ | ૬૩૨ |
| તલ | ૨૦૨૧ | ૨૨૦૫ |
| સવા | ૬૨૫ | - |